
# તમારા ગ્રાહકને ઓળખો

નાણાકીય સાક્ષરતા સપ્તાહ
૫ થી ૯ જૂન ૨૦૧૭

કેવાયસી અથવા તમારા ગ્રાહકને ઓળખો - બેંકમાં તમારું ખાતું ખોલાવવા અને જાળવવા માટેની એક જરૂરી પણ સરળ પ્રક્રિયા છે




- ઓળખનો પુરાવો અને સરનામાનો પુરાવો તથા તાજેતરનો એક ફોટોગ્રાફ બેંકમાં ખાતું ખોલવા માટે પૂરતા છે
- તમારું આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઇસન્સ, ચુંટણી કાર્ડ, પાસપોર્ટ અથવા નરેગા કાર્ડ ઓળખના અને સરનામાના પુરાવા તરીકે સ્વીકાર્ય છે
- પાન કાર્ડ માત્ર ઓળખના પુરાવા તરીકે માન્ય છે

- જો તમારું હાલનું સરનામું અને તમારી બેંકમાં રજુ કરેલ પુરાવાનું સરનામું અલગ હોય તો તમારા હાલના સરનામાનું એક સાદું ઘોષણાપત્ર પૂરતું છે

- ઓળખ અને સરનામાના પુરાવા વગર પણ તાજેતરનો ફોટોગ્રાફ અને સહી કરીને બચત ખાતું "સ્મોલ એકાઉન્ટ" ખોલાવો. આવા ખાતામાં ₹૫૦,૦૦૦ સુધીની સિલક, માસિક ₹૧૦,૦૦૦ સુધીનો ઉપાડ અને નાણાકીય વર્ષમાં કુલ ₹૧,૦૦,૦૦૦ સુધી જમા કરવાની સુવિધા મેળવો

- તમારા જોખમ સંબંધિત પાસાઓના આધારે બેંકોએ દર ૨, ૮ કે ૧૦ વર્ષે માત્ર કેવાયસીની વિગતોની પુનઃ ખરાઈ કરવાની હોય છે

- કેવાયસી પ્રક્રિયા અંગે કોઈ ફરિયાદ હોય તો કૃપા કરી તે તમારી બેંકમાં નોંધાવો. જો તમે બેંકના જવાબથી અસંતુષ્ટ હો તો, ભારતીય રિઝર્વ બેંકના બેંકિંગ લોકપાલને ફરિયાદ કરો. વધુ માહિતિ માટે **https://bankingombudsman.rbi.org.in** જુઓ

વધુ માહિતી માટે
**www.rbi.org.in/KYCFAQ**
જુઓ

Design: Anupam Sharma01/17-04

**નાણાકીય સાક્ષરતા • સમૃદ્ધિનો માર્ગ**

**KYC**

**નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ**
**ભારતીય રિઝર્વ બેંક**
www.rbi.org.in